મોડાસાના મહે.ત્રીજા એડીશ્નલ સીવીલ જજ(જુ.ડી.) અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટ,મોડાસા.

ફો.કેસ.નં.૧૮૭૭/૨૦૨૨

શ્રી સરકાર. ................ફરીયાદી.

વિરુધ્ધ

રમેશભાઈ લક્ષ્મણભાઈ મકવાણા ................આરોપી.

બાબત :- ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એએ)મુજબ..

-: ચુકાદો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગેર કાયદેસર દેશી દારુ રાખી ઉપર મુજબનો ગુનો કરેલ હોય પોલીસ ધ્વારા રેડ કરવામાં પકડાઈ જઈ ગુનો કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય તેમના વિરુધ્ધ જરુરી કાર્યવાહી કરી આ અદાલતમાં તપાસનાં અંતે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે તેમજ તેની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીએ પોતાનો ગુનો કબુલ રાખેલ છે તેમજ સદર આરોપીએ પોતાની સામેનો ગુનો પોતાને કબુલ છે જે અંગે પુરસીસ પણ રજુ કરતાં, સદર આરોપીએ સદર ગુનો સ્વખુશી થી કબુલ કરેલ છે જેથી સદર આરોપીની આ કબુલાત ન માનવાને કોઈ કારણ નથી જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં સદર કબુલાત મંજુર કરવામાં આવે છે અને આરોપીને તેમની સામેના પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ) મુજબના શિક્ષાને પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને તેની સામેનાં સદર ગુના અંગે ગુનેગાર ઠરાવી સજા અંગે પુછતાં સદર આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે, થયેલ ભુલ બદલ તેઓ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભૂલ નહી થાય તેવી ખાતરી આપે છે, અને તેમના ઉપર કુટુંબની જવાબદારી છે ઘરમાં કમાનાર એક વ્યકતી છે અને પોતે ગરીબ માણસ છે તેથી પોતાને ભુલ બદલ હળવી કરવા અરજ ગુજારેલ છે.

(૩) તે ઉપરાંત હાલના કેસમાં કોર્ટ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ.૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નંબર ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરુધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ એતો તેમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતો ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ સદરહુ ચુકાદાના સિધ્ધાંન્તો વંચાણે લેતા તે હાલના આરોપીના કેસે મદદરુપ થતો હોવાનો જણાય છે, જેથી આરોપીની સ્થિતિ, ગુનાનો પ્રકાર, સજાની જોગવાઈઓ તથા તમામ સંજોગો તેમજ ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં પણ ગુન્હાહીત ઈતિહાસ હોવાનું જણાય ન આવતા, હાલના કેસમાં ઓછામાં ઓછી સજા તથા દંડનો હુકમ કરવો ન્યાયોચિત હોવાનું આ અદાલતનું માનવું હોય, ઉપરોકત તમામ ચર્ચા ને અંતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:હુકમ :

સદર કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ.૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એએ)મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે તથા રૂા. ૧ ૦૦/- અંકે રૂપિયા એકસો પુરા દંડ, જો દંડની રકમ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદદામાલનો અપીલ પિરીયડ બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા.૧૨ મી, માહે.નવેમ્બર સને: ૨૦૨૨ ના રોજ નેશનલ લોક અદાલતમાં, વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(કુ.ર્ડા.સુપ્રિત કૌર ગાબા)
ત્રીજા જયુડી.મેજી.ફ.ક.
જજ કોડ નં. જી.જે.૦૦૧૬૩૫
મોડાસા.